2 એકલો જાને રે

મહાદેવભાઈ દેસાઈ

(જન્મ : 1-1-1892, અવસાન : 15-8-1942)

મહાદેવભાઈ દેસાઈનું વતન : દહેણ (જિ. સુરત) મહાદેવભાઈની ડાયરી (**1** થી **17**), સંત ફ્રાંસિસ, બે ખુદાઈ ખિદમતગારો, વીર વલ્લભભાઈ વગેરે તેમનું મહત્ત્વનું લેખન છે. અનુવાદમાં નોંધપાત્ર કાર્ય કર્યું છે.

સત્યને રસ્તે ચાલનારાએ કોઈની રાહ જોઈને બેસી ન રહેવું તેવી આ કાવ્યની શીખ છે. સત્પંથે ચાલનારને અનેક વિઘ્નો આવવાનાં. તેનાથી બધાં મોં ફેરવી બેસશે, શરૂઆતમાં સાથ આપનારા પણ ભીંસ પડતાં પાછા ભાગી જશે, આગલો રસ્તો ન સૂઝતાં મૂંઝવણો જ દેખાશે. આવે વખતે પણ પોતાની સાચી વાતને છોડી ન દેતાં મંડ્યા રહેવું. તકલીફો આવે તેને સહન કરવી અને આત્મસૂઝથી રસ્તો કાપવો જોઈએ.

મૂળ રવીન્દ્રનાથ ટાગોરના બંગાળી કાવ્યનો આ ગુજરાતી અનુવાદ વાંચીને ખુદ રવીન્દ્રનાથ પ્રસન્ન થયા હતા.

તારી જો હાક સુણી કોઈ ના આવે,
તો એકલો જા ને રે !
એકલો જા ને, એકલો જા ને
એકલો જા ને રે ! – તારી જો.
જ્યારે સૌનાં મોં સિવાય
ઓ રે, ઓ રે, ઓ અભાગી ! સૌનાં મોં સિવાય!
જ્યારે સૌએ બેસે મોં ફેરવી, સૌએ ડરી જાયઃ
ત્યારે હૈયું ખોલી -
અરે તું મન મૂકી
તારા મનનું ગાણું એકલો ગા ને રે ! – તારી જો.
જો સૌએ પાછાં જાય,
ઓ રે, ઓ રે, ઓ અભાગી! સૌનાં મોં સિવાય!
ત્યારે કાંટા રાને,
તારે લોહી નીગળતે
ચરણે ભાઈ એકલો ધા ને રે ! – તારી જો.
જ્યારે દીવો ન ધરે કોઈ,
ઓ રે, ઓ રે, ઓ અભાગી ! દીવો ન ધરે કોઈ;
જ્યારે ઘનઘોરી તૂફાની રાતે, બાર વાસે તને જોઈ;
ત્યારે આભની વીજે–
ઓ તું સળગી જઈને
સૌનો દીવો એકલો થા ને રે ! – તારી જો.

('આશ્રમ ભજનાવલી'માંથી)

શબ્દાર્થ

સિવાય બંધ થઈ જાય; **રાને** વગડે, જંગલમાં; **નીગળતે** ટપકતે; **ધાને** દોડી જા; **બાર વાસે** બારણાં બંધ કરે